# ‘સેટરડે નાઈટ્સ’ દ્વારા પ્રેક્ષકો પર મનોરંજનનો વરસાદ






પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ્સ આયોજિત ગાંધીનગરના એકમાત્ર નિયમિત અને નિઃશુલ્ક એન્ટરટેઈનમેન્ટ શો ‘સેટરડે નાઈટ્સ’ અંતર્ગત છેલ્લા બે શનિવારે પાવરપેક્ટ પરફોર્મન્સ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. બંને પરફોર્મન્સ ઉપયોગી સંદેશ પણ આપી ગયા હતા. ૧૦મી જૂને ‘જેવું કર્મ તેવું ફળ’ અને ૧૭મી જૂને ‘ફાધર્સ ડે સ્પેશિયલ’ એપિસોડ સ્વર્ણિમ પાર્કમાં યોજવામાં આવ્યો હતો. બંને વિષયે નાટ્યના મંચન બાદ આ શોના ક્રમ મુજબ પ્રેક્ષકો દ્વારા પણ પોતાના કલાકૌશલનું પ્રદર્શન આ મંચ પરથી કરવામાં આવ્યું હતું, જેમાં ગાયન અને નૃત્ય જેવી કૃતિઓનો સમાવેશ થતો હતો. ઉલ્લેખનીય છે કે વેકેશન બાદ શાળા-મહાશાળાઓમાં શૈક્ષણિક કાર્ય ચાલુ થયા પછી સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી છે પરંતુ ‘સેટરડે નાઈટ્સ’ માણવા આવનારા પ્રેક્ષકોની સંખ્યા કાયમ રહી છે. એ જ કારણે આ નિઃશુલ્ક શો સફળતાપૂર્વક આગળ વધી રહ્યો છે.



માવજત પૅરેન્ટ્સ ઍસોસિએશન ઑફ મૅન્ટલ ચૅલેન્જડ પર્સન ઍન્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ અને નૅશનલ ટ્રસ્ટ દ્વારા ‘પરવરિશ’ શિર્ષક અંતર્ગત માનસિક વિશિષ્ટ બાળકો માટે ‘સૅલ્ફ ઍડવોકેસી’નો વર્કશૉપ તાજેતરમાં સુરત મહાનગરપાલિકા કૉમ્યુનિટી હૉલ, અડાજણ પાટિયા, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. રાજ્યમાં પ્રથમ વખત જ યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં ગાંધીનગરના રહીશ અને માનસિક વિશિષ્ટ બાળકોના પ્રશિક્ષક જિજ્ઞેશ રાવલ દ્વારા ૬૦૦થી વધુ વાલીઓને એકસાથે માનસિક વિશિષ્ટ બાળકો માટે ‘સૅલ્ફ ઍડવોકેસી’ની તાલીમ આપવામાં આવી હતી. જિજ્ઞેશ રાવલની આ સિદ્ધિને બિરદાવતાં સંસ્થા તરફથી જિજ્ઞેશ રાવલને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ‘મેવા’ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૯

મુસ્લિમ એજ્યુકેશન ઍન્ડ વેલ્ફેર એસોસિએશન દ્વારા માર્ચ-૨૦૧૭માં લેવાયેલી ધોરણ-૧૨ની પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહમાં ૬૦ ટકા, સામાન્ય પ્રવાહમાં ૬૫ ટકા અને ધોરણ-૧૦માં મુખ્ય પાંચ વિષયમાં ૭૫ ટકા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓ તથા ઉચ્ચ અભ્યાસક્રમમાં તમામ ફૅકલ્ટીના ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ મેળવનાર ગાંધીનગર શહેર તેમજ ગુડા વિસ્તારમાં વસવાટ કરતા મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે વિદ્યાર્થીઓને તેમની સ્વયં પ્રમાણિત માર્કશીટની નકલ ૧૦ જુલાઈ સુધીમાં રફીક આઈ મનસુરીના નિવાસસ્થાન, પ્લૉટ નં. ૭૬૦/૧, સૅક્ટર-૭ બી, ગાંધીનગર ખાતે પહોંચાડવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ગુજકોસ્ટની જિલ્લાકક્ષાની મોક ટેસ્ટમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી પ્રથમ



શંકરસિંહ વાઘેલા બાપુ કૉલેજ દ્વારા ગુજકોસ્ટ મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર જિલ્લાની ૧૫ સ્કૂલના ૭૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ટેસ્ટમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી પાર્થ અશ્વિનભાઈ પટેલને પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત થયું હતું. ઈનામ વિતરણ સમારોહના મુખ્ય અતિથિ શંકરસિંહ વાઘેલાના હસ્તે પાર્થને ઈનામ પ્રાપ્ત થયું હતું. શાળા પરિવારે આ વિજેતા વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



અમૃતભાઈ ભીલ
મો. ૯૭૨૬૬ ૫૦૫૨૩



હેત્વી ઠાકોર

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્યપ્રેમીઓ સાથે ગોષ્ઠિ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સાહિત્ય અકાદમીએ ગુજરાતના સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓની એક ચર્ચા-ગોષ્ઠિ રવિવારે યોજી હતી, જેમાં અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યાએ અકાદમીના આગામી આયોજનો જાહેર કર્યાં હતાં.

વિશ્વકોશ ભવન, અમદાવાદ ખાતે આયોજિત આ બેઠકમાં આ પ્રસંગે રઘુવીર ચૌધરી, મોરારી બાપુ, રમેશભાઈ ઓઝા, પરિમલ નથવાણી, માધવપ્રિયદાસજી, અનિલ બકેરી, પી.કે. લહેરી સહિતના લોકોના શુભેચ્છા સંદેશનો ઉલ્લેખ થયો હતો. તેમજ માધવ રામાનુજ, રજનીકુમાર પંડ્યા, મણિલાલ હ. પટેલ, કિર્તી ખત્રી, નિતીન વડગામા, આલોક ગુપ્તા, યશવંત મહેતા, બળવંત જાની, કૃષ્ણ દવે, અનિલ ચાવડા, મનિષ પાઠક સહિત ગાંધીનગરના સાહિત્યકારો ભરત કવિ, દોલત ભટ્ટ, કનૈયાલાલ પંડ્યા હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ પ્રકાશકો અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી.

## ‘નેક’ના રેકિંગની ગણતરીમાં ફેરફાર કરવા યુનિવર્સિટીની માગ

ગાંધીનગર, તા. ૧૯

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)એ તાજેતરમાં થર્ડ કેટેગરીમાં આવતી યુનિવર્સિટીઓને નેટ-સ્લેટ પાસ થઈ હોય તેવા વિદ્યાર્થીઓને જ પીએચડીમાં પ્રવેશ આપવાની જાહેરાત કરી છે. આ માટે દરેક યુનિવર્સિટીઓને સૂચનો મોકલવા જણાવ્યું હતું. જેમાં ગુજરાત યુનિ.એ યુજીસીને રેકિંગની ગણતરીમાં ફેરફાર કરવા રજૂઆત કરી છે. નોંધનીય છે કે યુજીસી દ્વારા રેકિંગમાં ફેરફાર કરવામાં ન આવે તો યુનિવર્સિટીમાં નેટ-સ્લેટ થયેલા વિદ્યાર્થીઓને પીએચડીમાં પ્રવેશ આપવો પડે તેમ છે. રાજયની મોટાભાગની યુનિવર્સિટીઓ પીએચડીમાં વિદ્યાર્થીઓને આડેધડ પ્રવેશ આપતી હોવાની ફરિયાદો બહાર આવી હતી. અનેક યુનિવર્સિટીઓમાં ગમે તેવા વિષયો લઈને વિદ્યાર્થીઓ પીએચડી થઈ જતાં હોય છે. દરેક યુનિવર્સિટીઓમાં પીએચડી થનારા વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધતી રહે છે પરંતુ આજ પીએચડી થનારા વિદ્યાર્થીઓ નેટ-સ્લેટ પાસ થઈ શકતાં નથી. છેલ્લા કેટલાક વર્ષથી યુજીસી દ્વારા નેટ-સ્લેટ પાસ હોય તેવા ઉમેદવારને જ પ્રોફેસર તરીકે નિયુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. પ્રોફેસરની જગ્યાઓ તો ખાલી પડે છે પરંતુ નેટ-સ્લેટ પાસ થનારા ઉમેદવારો નહીં મળવાના કારણે મોટાભાગની જગ્યાઓ ભરી શકાતી નથી. આ પ્રકારની અનેક ફરિયાદો યુજીસી પાસે પહોંચ્યા બાદ પીએચડી અને એમ.ફીલમાં એન્ટ્રન્સ ટેસ્ટ લઈને જ પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે, આ નિર્ણય પછી પણ મોટાભાગની યુનિવર્સિટીઓ એન્ટ્રન્સ ટેસ્ટ લેતી હોવા છતાં ચોક્કસ વિદ્યાર્થીઓ જ પાસ થતાં હોવાની ફરિયાદો બહાર આવી રહી છે. તાજેતરમાં યુજીસી દ્વારા દરેક યુનિવર્સિટીઓને જુદી જુદી કેટેગરીઓમાં વિભાજીત કરવાનો નિર્ણય કરવાનું નક્કી કર્યું હતું. જેમાં થર્ડ કેટેગરીમાં આવતી યુનિવર્સિટીઓને જે વિદ્યાર્થીઓ નેટ-સ્લેટ પાસ હોય તેમને જ પીએચડીમાં પ્રવેશ આપવો તેવી જોગવાઈ કરવાનું નક્કી કર્યું હતું. યુજીસી દ્વારા જે પ્રકારે યુનિ.ઓને કેટેગરી આપવાનું નક્કી કરાયું છે તે પ્રમાણે ગુજરાત યુનિ. પણ થર્ડ કેટેગરીમાં આવે છે. યુજીસીએ કરેલા નિર્ણય પ્રમાણે અમલ થાય તો ગુજરાત યુનિ.એ માત્ર નેટ-સ્લેટ પાસ હોય તેમને જ પીએચડીમાં પ્રવેશ આપવો પડે તેમ છે. આ નિર્ણયનો અમલ થાય તો યુનિ,ને આ વર્ષે પીએચડીમાં એકપણ વિદ્યાર્થી મળી શકે તેમ નથી.

## યુનિ. દ્વારા કોમર્સમાં સ્વનિર્ભર ધોરણે નવો કોર્સ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સ્કૂલ ઓફ કોમર્સમાં એમ.કોમ ઈન ફાયનાન્શિયલ એન્ડ ફાયનાન્શિયલ સર્વિસ નામનો નવો કોર્સ શરૂ કરાયો છે. સામાન્ય રીતે ભવનમાં ચાલતા એમ.કોમના કોર્સ બપોરના સમયે ચલાવવામાં આવે છે. પરંતુ આ કોર્સ સવારના સમયે ચલાવવાનો નિર્ણય કરાયો છે. પહેલી વખત એમ.કોમનો કોર્સ યુનિવર્સિટીમાં સવારે ચલાવાશે. યુનિ.ના કોમર્સ ભવનમા શરૂ થનારા આ કોર્સમાં ૭૫ બેઠકો રાખવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને સ્વનિર્ભર ધોરણે પ્રવેશ આપવાનું નક્કી કરાયુ છે. સામાન્ય રીતે એમ.કોમના કોર્સ બપોરે ચલાવવામાં આવતાં હોય છે. સૂત્રો કહે છે યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જુદી જુદી ડીપાર્ટમેન્ટમાં મોટાપાયે અધ્યાપકોની ભરતી કરવામાં આવી છે. હવે સ્થિતિ એવી છે કે આર્ટસ સહીતના અનેક ભવનોમાં એવી સ્થિતિ છે કે અધ્યાપકોની સંખ્યા પ્રમાણે સામે વિદ્યાર્થીઓ નથી. જેથી હવે અધ્યાપકોને સરપ્લસ થતાં બચાવવા અને વર્કલોડ દર્શાવવા માટે સ્વનિર્ભર કોર્સ શરૂ કરાઈ રહ્યા છે.

# અફસોસનાં બીજ વટવૃક્ષ બને એ પહેલાં...




બ્રાઉની વેર. એક નિષ્ઠાવાન નર્સ કે જેણે વર્ષો સુધી પેલીએટીવ કેર યુનિટમાં સેવા આપી. પેલીએટીવ કેર યુનિટ એટલે એવી જગ્યા કે જ્યાં દર્દી ‘લાસ્ટ સ્ટેજ’માં હોય ત્યારે જ આવે. આ જગ્યાએથી સામાન્ય રીતે બચવાનો કોઈ ચાન્સ જ ન હોય. અહી જીવનના જે છેલ્લા થોડા ઘણાં દિવસો બાકી રહ્યાં હોય તે પસાર કરવાના હોય છે. બ્રાઉનીએ જીવનના છેલ્લાં સ્ટેજમાં હોય એવા અસંખ્ય લોકોની સેવા કરી છે. બ્રાઉની વેરને મોતની નજીક પહોંચેલા અને છેલ્લા શ્વાસો ગણી રહેલાં લોકોના જીવનમાંથી જે જાણવા મળ્યું તે એણે ‘ધ ટોપ ફાઈવ રિગ્રેટ્સ ઓફ ડાઈંગ’ પુસ્તકમાં અદભૂત રીતે વર્ણવ્યું.

મોતની નજીક હોય ત્યારે માણસની નજર સામે જીવન દરમિયાન કરેલા તમામ કાર્યો એક ફિલ્મની જેમ ફટાફટ પસાર થતાં હોય છે. એવા તબક્કે એને ઘણી બાબતોનો અફસોસ થતો હોય છે. મેં કદાચ આમ જિંદગી જીવી હોત તો ? અથવા મેં આમ વર્તણૂંક કરી એને બદલે તેમ વર્તણૂંક કરી હોત તો વધુ સારુ થાત. એવા ઘણાં બધાં વિચારો જીવનના આખરી પડાવ ઉપર આવતાં હોય છે. ઘણા બધા અફસોસ પૈકી મહત્વપૂર્ણ પાંચ અફસોસ બ્રાઉનીએ કોમન તારવ્યા.

બ્રાઉનીના મતે મહદંશે લોકોને સૌથી મોટો અફસોસ એવો થતો હોય છે કે, જિંદગી આખી બીજાના કહેવા પ્રમાણે જીવ્યા એના કરતાં હ્રદયના અવાજ મુજબ જીવ્યા હોત તો સારું થાત. એ વ્યવસાય ન કર્યો કે, જે કરવા માંગતા હતા. એ અભ્યાસ ન કર્યો કે જે ગમતો હતો. મમ્મી-પપ્પા મોટા ભાઈ-બહેન કે અન્ય કોઈએ કીધું એ પ્રમાણે અભ્યાસ કર્યો અને એમના કહેવા મુજબનો જ વ્યવસાય કરીને નિવૃત્ત પણ થયા. પણ એ ન કર્યું કે જેના માટે એ જન્મ્યો છે.



લોકો પોતાના હ્રદયની વાત નથી સ્વીકારી શકતાં કારણ કે, મન એમ કહે છે કે, સોસાયટી શું વિચારશે ? લોકો શું સમજશે? મોટાભાગે એવું જ બનતું હોય છે કે, મોટા ભાઈ-બહેનો ડોકટર, સ્પેસ સાયન્ટીસ્ટ, એન્જિનિયર બન્યા છે એટલે પરિવારની પરંપરા મુજબ મારે પણ એ જ દિશામાં ચાલવું. મનમાં મ્યુઝીશિયન બનવાના અરમાન હોય, ચિત્તમાં ચિત્રકાર બનવાની તમન્ના હોય, પણ એ બધું જ નેવે મૂકીને ડોકટર કે એન્જિયર બનવાનું. અને પછી રોજ સવારે ઊઠીને જ્યારે કામ ઉપર જાવ ત્યારે કામ કરવાનો મનમાં રાજીપો ન હોય. મજબૂરીથી પૈસા કમાવા માટે એ કામ કરવા જવાનું કે જે મનમાં બિલકુલ ન રૂચતુ હોય !

એક મિત્રના દીકરાને વહીવટી સેવાઓમાં સર્વોચ્ચપદે બેસવાની અને મેનેજમેન્ટ સાઈડમાં કામ કરવાની તમન્ના. મેડિકલમાં એડમિશન મળતું હતું એટલે પરિવારે લેવડાવી દીધું. દીકરો ડોકટર થઈ પણ ગયો. પણ પછી તબીબી ક્ષેત્રનાઅનુસ્નાતક કક્ષાનો અભ્યાસ છોડીને સનદી સેવાની પરીક્ષાની તૈયારી કરવા લાગ્યો. આ એક પ્રેરણાદાયી કિસ્સો કહી શકાય. દીકરાને જેમાં રસ હતો એ ક્ષેત્રમાં સવેળા વળી ગયો.

બાળક જ્યારે ઉમરલાયક થાય, જીવનના સાત-આઠ દાયકા પસાર કરે અને એના અંતિમ પડાવ પર હોય ત્યારે સ્વાભાવિક છે કે, તમે પૃથ્વી પર ન જ હોવ, ત્યારે એના વ્યવસાય અને અભ્યાસ માટે એ અફસોસ ન કરે અને મા-બાપને એના જીવન માટે ભરપુર દુઆઓ આપે, એવું ત્યારે જ શક્ય બને કે જ્યારે એને મનગમતા વિષયને લઈને એ ભરપુર જીવન જીવ્યો હોય. મા-બાપે એ માટે પ્રેરણા પૂરી પાડી, સહાયકની ભુમિકા ભજવી હોય.

બ્રાઉની બીજો એક મહત્ત્વનો અફસોસ એવો નોંધે છે કે, માણસ અંતિમ તબક્કે એવું વિચારતો હોય છે કે, મેં જીવન દરમિયાન આટલી બધી મહેનત પૈસા કમાવા માટે કેમ કરી. મેં મારા પરિવારને સમય જ ન આપ્યો. લોકોની વાહ વાહ મેળવવામાં પરિવારની ખુશીને મેં શા માટે અવગણી.

એક ભાઈ શહેરના નાનામાં નાના કાર્યક્રમથી માંડીને મોટામાં મોટા આયોજનમાં પણ પહોંચી જાય. એમને શહેરમાં બધા જ લોકો ઓળખે. એ વાતનું એમને ખાસ્સું ગૌરવ પણ ખરું. વહેલી સવાર હોય કે મોડી રાત, બળબળતી બપોર હોય કે કડકડતી ઠંડી. જ્યાં ચાર-પાંચ લોકો ભેગા થયા હોય ત્યાં પણ આ ભાઈ અવશ્ય પહોંચી જાય. પરિણામે સ્વાભાવિક રીતે જ પરિવારમાં પૂરતો સમય ન આપી શક્તા. બાળક સાથે બગીચામાં રમવાનો કે પત્ની સાથે ફળિયામાં હિંચકા પર બેસીને વાતો કરવાનો ક્વોલિટી ટાઈમ એ ભાઈ લોકોની વચ્ચે જઈને ખોટી વાહવાહી લૂંટવામાં ખર્ચી નાખતા. કામ એટલું જ થવું જોઈએ કે જેટલી જરૂરિયાત હોય. એનો અર્થ એવો પણ નથી કે, મહેનત ન કરવી જોઈએ. પુરુષાર્થની અને પરિવારનું સામંજસ્ય પણ જળવાય તો જીવનના અંતિમ તબક્કે અફસોસને અવસર ન આવે.

બ્રાઉની નોંધે છે કે, અભિવ્યક્ત ન કરવાનો અફસોસ પણ માણસને બહુ મોટો હોય છે. સમાજથી કે લોકોથી ડરીને પોતાની લાગણી જીવનભર પ્રદર્શિત થતી નથી અને પરિણામે તેનો બહુ મોટો અફસોસ રહી જતો હોય છે. લાગણીની અભિવ્યક્તિ એટલે કોઈ છોકરી કે છોકરા સામે પ્રેમનો એકરાર માત્ર નથી. ‘મા’ને હ્રદયના ઊંડાણથી કહેવું કે, ‘ મમ્મી હું તને પ્રેમ કરું છું ’ કે, પપ્પાને ભેટીને એકરાર કરવો કે, ‘ હું જે કાંઈ પણ છું એ તમારી બદોલત છું. યુઆર થ બેસ્ટ ફાધર... ‘બહેનને કે ભાઈને હાથ પકડીને કહેવું કે, ‘ ચિંતા ન કર હું તારી સાથે જ છું ‘ કે પછી લગ્નજીવનના વીસ-પચીસ વર્ષ પછી પણ પત્નીને પ્રેમથી કહેવું કે, ‘તું જ મારા જીવનમાં સર્વસ્વ છે. ’ આ બધી અભિવ્યક્તિ જીવનનો અંતિમ તબક્કો ભર્યો ભર્યો બનાવે છે.

અંતિમ તબક્કે અભિવ્યક્તિની ખામી ન લાગે એ જ સૌથી અગત્યની બાબત છે. બ્રાઉની મિત્રતાના સંદર્ભમાં નોંધે છે કે, પૈસા કમાવાની લ્હાયમાં માણસો એટલા બધા વ્યસ્ત થઈ જતાં હોય છે કે, જીવનના સૌથી ‘પ્રાઈમ ટાઈમ ’માં પડખે ઊભા રહેલાં દોસ્તોની મસ્તીને ભૂલી જતાં હોય છે. એવાં મિત્ર કે જે સદાય પડખે ઊભા રહ્યા છે. સત્તા, પૈસા અને પ્રતિષ્ઠા આ ત્રણ માટેના જંગમાં દોસ્તી અને દોસ્ત બહુ પાછળ છુટી જાય છે. પરિણામે જ્યારે ગણતરીના શ્વાસો જ જીવનમાં બચ્યા હોય ત્યારે આ અફસોસ બહુ મોટું સ્વરૂપ ધારણ કરીને આંખ સામે તરવરતો હોય છે.

છેલ્લે બ્રાઉની ખૂબ સરસ લખે છે કે, મહદઅંશે અંતિમ સમયે માણસો સૌથી વધુ અફસોસ એવો કરતાં હોય છે કે, જો મેં મારી જાતને ખુશ રહેવા દીધી હોત અને ખોટા દુઃખના ખ્યાલોમાં ન રાચ્યો હોત તો સારું થાત. અને આમ પણ આપણી ખુશી આપણે સ્વયં શોધવાની હોય છે. કોઈ વ્યક્તિ બહારથી ખુશી આપી ન શકે. ક્યારેય એવું સાંભળ્યું છે કે કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિને સરસ મજાનું પેકેટ આપે અને કહે કે, ‘ લો સાહેબ, આ બે કિલોગ્રામ ખુશી... મોજ કરો... ‘ ખુશી તો હ્રદયના ઉંડાણમાંથી આવે. કલ્પના કરો કે તમે એક પર્વતારોહક છો અને એક પર્વત ચઢતાં તમને ૮થી ૧૦ કલાક લાગે છે પણ તળેટી ઉપરથી તમને હેલિકોપ્ટરમાં બેસાડીને પાંચ જ મિનિટમાં પહાડની ચોટી પર પહોંચાડી દેવામાં આવે તો ખુશી મળશે ? ખુશી પહાડની ટોચ ઉપર કે તળેટીમાં કોઈ લક્ષ્ય વગર ફરવામાં નથી. સાચી ખુશી તો પર્વતારોહકને તળેટીથી ટોચ સુધી પહોંચવાના અનુભવમાં મળતી હોય છે. સપનુ પુરૂ કરવાના પ્રયત્નોની ક્ષણોમાં ખુશી સમાયેલી છે. સપનું સાકાર થાય એ પહેલાં સપના તરફ લઈ જતી ક્ષણોમાં સાચો આનંદ હોય છે. કોઈ સપનું ના હોય તો સપનું જુઓ. સપનું જોઈ સપનું સાકાર થાય એ ક્ષણ સુધી દોડતાં દોડતાં જે આનંદ મળે એને પકડી લો. સોણલુ સાચુ પડે એ માટે કરાતા પ્રયત્નોની પળોને પામવાનો પ્રયાસ કરવો જોઈએ.

આસમાનમાં સપનાઓ ન શોધાય. સપનાઓ જોવા માટે જમીન જોઈએ. બધું જ મળી જાય તો જીવનમાંથી ખુશી ગાયબ થઈ જાય. જીવવા માટે કોઈને કોઈ અધુરપ જોઈએ, જીવનમા કોઈ કમી જોઈએ, કોઈ ખોટ હોવી જોઈએ. અધુરપને પુરી કરવામા જ જીવનની મધુરપ સમાયેલી છે. ભારે જહેમતથી એક એક પાંખડીઓ ખુલે... અને એક ફૂલ ખીલે... પછી પવનની પીઠ ઉપર સવાર થઈને સુવાસ પ્રસરે... આ કુદરતની અદભૂત મુસ્કાન નથી તો બીજુ શુ છે ? જમીન સાથે ભારે સંઘર્ષ કરીને, જમીન ચીરીને એક નાનકડા બીજનુ છોડ બનીને ઊગવું એ ઈશ્વરની ખુશી છે.

### ધબકાર

ખુશ થવાના ઈરાદાથી કામ કરવામાં આવે તો ક્યારેય ખુશ નહીં થવાય. ખુશ થઈને કામ કરવામાં આવે તો ખુશી અને સફળતા બન્ને મળશે.